સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ખેડૂ ને ખેરાત તમારાં જ ખિસ્સામાંથી કરો ને!
બહુ વ્હાલા હોય તો પક્ષના ફંડમાંથી કરો ને!
પ્રજાના પ્રસ્વેદની કમાણીની ન કરો ઉજાણી -
'દેવાં માફી' રાફેલના કમીશનમાંથી કરો ને!!

હાઈકુ

થાય ન દાન,
ને મળે નહીં પૂણ્ય -
પારકે પૈસે...

દાન ને માફી -
વાઈબ્રંટ જુગારે
તિજોરી ખાલી

ચિંતન

सतामपि पदार्थस्य लाभाल्लोभः प्रवर्धते ।
विवेको लुप्यते लोभात्तस्मिल्लुप्ते विश्यन्ति ॥

ઉપરોક્ત શ્લોક સર્વવેદાંત સિદ્ધાંત સારસંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

સજ્જનોને કોઈ પણ પદાર્થનો લાભ થવાથી લોભ વધે છે, લોભ વધવાથી વિવેકનો લોપ થાય છે અને તે વિવેખ નાશ પામતાં મનુષ્ય પોતે જ નાશ પામે છે.

ગમે તેવો સજ્જન સંત, પુરુષ હોય સંસારનો ત્યાગ કર્યો હોય છતાં જો કોઈ બાબતે 'મોહ' માં ફસાઈ જાય તો પતન થાય.

એક સંતે ઉંદર માટે બિલાડી વસાવી બિલાવી માટે કૂતરું - દૂધ માટે ગાય ને ચારા ઘાસ માટે ખેતર, ખેતર માટે પરિવાર અને ફરી સ્ત્રી બાળકનો સંસાર!

જ્યાં હતા ત્યાં ના ત્યાં!!

સુવિચાર

- ખુશી મહેનતથી આવે છે, અસંયમ અને આળસથી આવતી નથી. મનુષ્ય પરિશ્રમને ચાહે તો એનું જીવન સુખી થઈ જાય છે - **જનકલ્યાણ**
- જગતનાં અંધારા ધૂવે તે સૂર્ય, ઊરના અંધારા ધૂવે તે ધર્મ - **અખંડ આનંદ**
- ઈશ્વર પણ માણસના અંજળ આવે નહિં ત્યાં સુધી તેનો ઈન્સાફ કરવા માંગતો નથી - **સંત રોબિન**
- 'જ્ઞાની' સૂર્ય સમાન તેજસ્વી, ચંદ્રસમાન શીતળષ સાગર સમાન ગંભીર અને પર્વત સમાન અડગ હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવનપટને સચ્ચાઈ, સાદાઈ અને સંતોષના તાણાવાણા વડે ગુંથી લેશો તો સુખ સામે પગલે તમને શોધતું આવશે - **તમિલ કહેવત**
- જયાં સુધી પ્રણાલિકા અને સંસ્કારમાં ઉણપ ન આવે ત્યાં સુધી જાજરમાન સંસ્કૃતિ જળવાઈ રહેશે - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : બાવળની છાલ ઉકાળીને કોગળા કરવાથી મોં ના ચાંદા મટે છે, તથા પેઢાં મજબૂત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સંજોગો ઉપર તે જીત મેળવે છે તે જ સાહસને સફળતામાં ફેરવે છે.

માર્ટીન લ્યુથર કિંગ એક હસબી નેતા હતા. તેમની લડત ગોરા-કાળાના ભેદ મીટાવવા માટેની હતી. એક વાર વિરોધી પક્ષના લોકો રોષે ભરાયા હતા. અને શહેરમાં તોફાન થવાની અફવા હતી. માર્ટીન લ્યુથર કિંગે એમના પત્રકાર મિત્ર જહોન રોબર્ટને કહ્યું, 'મારા વિરોધીઓને શાંત કરવા માટે મારે તેમને મળવા જવું જોઈએ.' મિત્ર હોવાના નાતે જહોને આવું કરવાની સ્પષ્ટ ના પાડી. અને સલાહ આપતા કહ્યું, આવી ભારેલા અગ્નિ જેવી હાલતમાં જો તમે સામાવાળા ને મળવા જશો તો જીવનું જોખમ ઊભું થશે.' માર્ટીન માન્યા નહીં અને વિરોધીઓને મળવા નીકળ્યા. ત્યાં તેમને લમણાં એક પથ્થર એવો વાગ્યો કે માર્ટીનના માંથામાંથી લોહી નીકળવા લાગ્યું. ત્યારે જહોને કહ્યું, 'મેં તમને ચેતવ્યા તો હતા, પણ તમે માન્યા નહીં. ત્યારે માર્ટીને કહ્યું, 'ભાઈ રોબર્ટ, ભય રાખું, રોષ રાખું તો હું ભયનો ગુલામ થઈ જાઉં. આ માથાનો ઘા હું ભયનો ગુલામ નથી એની નિશાની છે. અને આ લોહી તે લોહી નથી પણ અમૃત છે.'

આઈએસનો પગપેસરો અટકાવવો જ રહ્યો

તંત્રીસ્થાનેથી...

દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં ઈસ્લામિક સ્ટેટની નવી 'હરકત' નો પર્દાફાશ કરવા બદલ એનઆઈએ તથા અન્ય ઈન્ટેલીજન્સ એજન્સીઓને અભિનંદન આપવાની સાથે જ કોઈ પણ શાંતિપ્રિય નાગરિક દેશમાં નિરંતર ફાલીફૂલી રહેલી આતંકવાદી પ્રવૃત્તિઓ વિશે ચિંતાગ્રસ્ત રહે તે સ્વાભાવિક છે. આપણા નેતાઓ તો કયારેક ભેદી ન શકાય એવાં રક્ષાકવચ ધરાવે છે અને ગમે તેવા બોમ્બધડાકા થતા રહે કે આતંકવાદી જૂથો છેલ્લામાં છેલ્લા સ્યુસાઈડ બોમ્બર બનીને તાંડવ મચાવે તો પણ એ મહાનુભાવોનો વાળ વાંકો કરી શકવાના નથી તે આપણએ બધા જાણીએ છીએ. બધા આરોપોથી મુક્ત થઈ ગુણવંત શાહ જેવા લોકપ્રિય સાહિત્યકારની પ્રશંસા પામેલા 'વીર વણઝારા' કહેછે કે સાચું માનીએ તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે તો તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી ભાંગફોડિયાં તત્ત્વોનો ડોળો મંડાયેલો હતો. પરંતુ જાંબાઝ પોલીસ અધિકારીઓએ ફેક એન્કાઉન્ટર જેવી બિનકાનૂની રીતરસમો અજમાવીને પણ એમને બચાવી લીધા હતા. હવે જયારે તેઓ આખા દેશના સર્વોચ્ચ પદ પર બેઠા છે અને છાશવારે વિદેશ પ્રવાસ કરતા રહેછે ત્યારે દેખીતું છે કે વધુ વ્યાપક સ્તરે એમની સામે અને હિંદુ રાષ્ટ્રના સમર્થકો સામે તથાકથિત ઈસ્લામિક આતંકવાદીઓની બંદૂકો તકાયેલી હોય. ખુદા ખૈર કરે, સાડા ચાર વર્ષ સુધી આપણા લોકલાડીયા નેતાઓ સલામત રહ્યા છે અને એમની વિરુદ્ધ થતાં રહેતાં ઈસ્લામિક કાવતરાં, ખાસ તો રાષ્ટ્રીય પર્વોની આસપાસના દિવસોમાં કે પછી ચૂંટણીઓના માહોલમાં આપણી રાષ્ટ્રભક્તિમાં તરબોળ રહેતી ઈન્ટેલિઝન્સ એજન્સીઓના સકંજામાં આવતાં રહ્યાં છે. આવા કાવતરાંને અંજામ સુધી નહીં પહોંચાડવામાં આડખીલી રૂપ થતા તમામ પોલીસ અધિકારીઓ, ગુપ્તચર એજન્સીઓ વગેરેને આપણે અદના પ્રજાજનો સલામ જ કરીએ કારણ કે કદાચ એમને વિસ્ફોટો કરવામાં સફળતા પણ સાંપડી હોત તો અગાઉ મુંબઈ અને અન્ય સ્થળોએ થયેલા આવા ભીષણ કાંડ મુજબ સામાન્ય પ્રજાજનો જ એનો શિકાર બન્યા હોત. વીવીઆઈપી મહાનુભાવોને તો જીવના જોખમે પણ બચાવી લેવાયા હોત અને લોહી વહી ગયું હોત એ તો મારા-તમારા જેવા તદ્દન સામાન્ય નાગરિકોનું જ વહી ગયું હોત. સો સવાલોનો એક સવાલ એ છે કે ઈરાક-સીરિયા કે અફઘાનિસ્તાન જેવા દેશોમાંથી અમેરિકાએ એના સૈન્યને હટાવવાનો નિર્ણય એટલી ખાતરી પછી લીધો છે કે હવે 'ઈસ્લામિક સ્ટેટ'નો આતંક લગભગ પૂર્ણપણે ઓસરી ચૂક્યો છે. ત્યારે હિંદુસ્તાનને નિશાન બનાવવા પાછળ કયાં કારણો કે વાતાવરણ કારણભૂત છે એની પણ છાનબીન થવી ઘટે. જો કે મહાનુભાવોની સુરક્ષાની સતત ચિંતા કરતી રહેતી આપણી એનઆઈએ જેવી ઈન્ટેલિજન્સ એજન્સીઓની ફરજમાં આપણે પ્રજાજનો અને આપણી સુરક્ષા નહીં આવતાં હોઈએ, એમ પણ બને !

સભ્યતાની કેળવણી

રંગ-ઉમંગ
કાનન ઓઝા

ઈતના મુક્ત કરો જિતને સે સ્વતંત્રતા કા અનુભવ હો,
ઈતના દો ને મુક્તિ જિસસે ઉચ્છખલતા કા ઉદ્દભવ હો ।

બાળકને સ્વતંત્રતા આપવાનો કૂટપ્રશ્ન ઘણાં માબાપને સારી પેઠે મૂંઝવતો રહ્યો છે. શિસ્તના કડક ખ્યાલોવાળા માબાપને પ્રારંભમાં ભલે થોડી સરળતા રહી હોય, પણ આ અસ્મિતાનાં કેટલાક પરિણામો ભોગવવાનાં આવે છે. ત્યારે એમને મૂંઝાવાનો વારો આવે તો છે જ પરંતુ ખરો પ્રશ્ન બાળકોને સ્વતંત્રતા આપવી જોઈએ એમ માનનારાં એમાંથી ઊભા થતા પ્રશ્નોનો સામનો કરતી વખતે મૂંઝવણ અનુભવનારાં માબાપનો છે.

જે બાળખ માબાપના કડક બંધનો નીચે ઉછરે છે એ ભવિષ્યમાં અનેક પ્રશ્નો સર્જે છે. એટલે બાળકનો ઉછેર સ્વતંત્ર આબોહવામાં થવો જોઈએ. એ વિશે હવે જગતમાં કયાંક કશી શંકા રહી નથી. પણ આ સિદ્ધાંતના સ્વીકારથી વાત પૂરી નથી થઈ જતી, કદાચ શરૂ થાય છે બાળકને સ્વતંત્રતા આપવી એટલે એને ફાવે તેમ કરવા દેવું ? મહેમાનો આવ્યા છે ને માતા તેમના સ્વાગતમાં રોકાયેલી છે. પિતા એમની જોડે વાતો કરી રહ્યા છે. બાળખને એ જ વખતે પિતા સાથે રમવું છે કે માતા પાસેથી વાર્તા કે ગીત સાંભળવું છે કે, રમકડાં લઈ ને પોતાનાં ભાઈબંધો સાથે ડ્રોઈંગ રૂમમાં જ રમવું છે તો શું કરવું ? બાળકની તબિયત સારી નથી. પણ એને આઈસ્ક્રીમ તો ખાવો જ છે, તો ? આ દેખીતા ઘણા સામાન્ય પ્રશ્નો છે, પણ આવે વખતે માબાપ સારી પેઠે મૂંઝાય છે. મહેમાનોની હાજરીમાં બાળકને ફોસલાવવાનો, ભવિષ્યનાં સપનાં દેખાડવાનો ને મહેમાનો ગયા પછી બાળક ને ધમકાવવાનો કાર્યક્રમ માટે મોટે ભાગે ચાલતો હોય છે.

બાળકને સ્વતંત્રતા આપવાની સાથે સભ્યતા કેળવવાની છે ને સ્વતંત્રતાને નામે સ્વચ્છંદતા તો હરગિજ પોષવાની નથી. આના બે મહત્ત્વના માર્ગો છે : પહેલું તો બાળક પાસેથી આપણી જે કંઈ અપેક્ષાઓ હોય તે આપણે આચરી બતાવીએ, મોટા ભાગનું કામ આનાથી પતી જશે અને બીજી વાત બાળકને પહેલેથી જ શાંતિથી, ધીરજથી દરેક બાબત સમજાવો. એને સાચી દલીલોથી મૂંગું કરો, ધાક કે છેતરપીંડીથી નહીં, આનાથી આપણું કામ વચન પાલનનું મહત્ત્વનું આપણે મન નહિવત હોય છે, જયારે બાળકને મન સવિશષ.

સામાન્ય સંજોગોમાં વડીલો બાળકોને અવનવા પ્રલોભનો આપતા રહે છે. જે બાળખ માટે અત્યંત હાનિકારક પુરવાર થાય છે. સમાજમાં વ્યાપેલાં લાંચ-રૂશ્વત જેવા દૂષણનાં મૂળ કદાચ આ બાળકનાં પ્રલોભનોનો જ હશે. બાળકને આપેલા વાયદા કે વચનનું માબાપ ભાગ્યે પાલન કરતાં હોય છે. તેના નાસીપાસ થાય છે અને પોતાના વડીલો પરથી વિશ્વાસ ગુમવાતું જાય છે. બાળકની જીદ પૂરી કરવાની અહીં વાત નથી. જીદ એ બાળક તરફથી થયેલી માંગ છે.

વડીલો પાસે વાર્તા સાંભળવી બાળસહજ લાક્ષણિકતા છે. આમ, કથારૂપે પણ બાળક વચન પાલનનાં સંસ્કાર રેડી શકાય, જે બાળક આંતરમન પર ઘેરી અસર ઉપજાવી શકે છે. રામાયણની કથા તેનું ઉત્તમ ઉદાહરણ બની શકે છે. પરંતુ વાલીઓને જ રામાયણ કથાનો હાર્દ કે ગહનતા સાથે ઓછી નિસબત હોય છે. તેવાં સંજોગોમાં બાળકમાં સંસ્કાર રેડવા એ થોડી ઉપરછલ્લી બાબત લાગે. મહાત્મા ગાંધીના મતે પોતાની વાત બીજાના ગળે ત્યારે જ ઉતારી શકાય જયારે પોતે એ વાત જીવનમાં અને વર્તનમાં ઉતારી હોય.

બાળકમાં વચન પાલનનો ગુણ કેળવવાથી મોટપણે સમાજમાં તે આગવી પ્રતિષ્ઠા મેળવવી પડે છે.

ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૧૯ કયા દેશમાં યોજાનાર છે ?

ખેલજગત

૧ વર્લ્ડકપ ૨૦૧૧ના એમ્બેસેડર તરીકે કોની પસંદગી થઈ હતી ?
(અ) મહેન્દ્રસિંહ ધોની (બ) કપિલદેવ
(ક) સચિન તેંડુલકર (ડ) રવિન્દ્ર જાડેજા

૨ યુવા ભારતી સ્ટેડિયમ કયાં આવેલું છે ?
(અ) કોલકાત્તા (બ) લખનૌ
(ક) વારાણસી (ડ) બેંગ્લોર

૩ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૧૯ કયા દેશમાં યોજાનાર છે ?
(અ) ન્યુઝીલેન્ડ (બ) ઈંગ્લેન્ડ
(ક) ભારત (ડ) ઓસ્ટ્રેલિયા

૪ ભરત રતિલાલ દવેનું નામ કઈ રમત સાથે સંકળાયલું છે ?
(અ) જુડો (બ) કાર રેસ
(ક) સ્વીમીંગ (ડ) હિમાલયન કાર રેલી

૫ ધ્યાનચંદ એવોર્ડ વિજેતા - કુલદીપસિંહ કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) કુશ્તી (બ) જુડો
(ક) કરાટે (ડ) હૉકી

૬ નીચેનામાંથી કયા ખેલાડી પાવર લિફ્ટીંગ રમત સાથે સંકળાયેલ થછે ?
(અ) વૈશાલી મહેતા (બ) નિલોફર ચૌહાણ
(ક) ધ્વજ હરિયા (ડ) દિનેશ ભીલ

૭ ફૂટબોલમાં 'બેસ્ટ રેફરી ઓફ ઈન્ડિયા' નો એવોર્ડ મેળવનાર ગુજરાતી ખેલાડીનું નામ શું છે?
(અ) હબીબખાન ચામડાવાલા (બ) નિલોફર ચૌહાણ
(ક) ગુલાબભાઈ ચૌહાણ (ડ) હરમીત દેસાઈ

૮ વર્લ્ડ કેરમ ચેમ્પિયનશીપમાં કયા ગુજરાતીએ એમ્પાયર તરીકે કામગીરી કરી હતી ?
(અ) સુનીલ ગુપ્તે (બ) ગીત શેઠી
(ક) કૃપાલી પટેલ (ડ) નાનુભાઈ સુરતી

૯ દરિયાઈ તરણ સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ બદલ કયા ગુજરાતી ખેલાડીને તેન્ઝિન નોર્ગે એવોર્ડ મળેલ છે ?
(અ) અચલા દેવરે (બ) પૂજન પટેલ
(ક) સુફિયા શેખ (ડ) હરમીત દેસાઈ

૧૦ અર્જુન એવોર્ડ વિજેતા ઝુલન ગોસ્વામી કઈ રમતની ખેલાડી છે ?
(અ) હૉકી (બ) ક્રિકેટ
(ક) બાસ્કેટ બોલ (ડ) ખો ખો

૧૧ વીર સાવરકર અખિલ ભારત સાગર તરણ સ્પર્ધા કયા યોજાય છે ?
(અ) ઘોઘાથી દહેજ (બ) અલંગથી દહેજ
(ક) ચોરવાડથી વેરાવળ (ડ) વેરાવળથી પોરબંદર

૧૨ ઉત્તમ કક્ષાના ક્રિકેટર અને ગ્રાઉન્ડ નિષ્ણાત તરીકે કોણે સિદ્ધિ મેળવેલ છે ?
(અ) મુકુન્દ પરમાર (બ) ધીરજ પરસાણા
(ક) મુનાફ પટેલ (ડ) વીરધવલ ખાડે

૧૩ જાણીતા હોકીના કોચ કિશન કર્વે કયા હુલામણા નામથી જાણીતા હતા ?
(અ) ચાચા (બ) દાદા
(ક) મામા (ડ) નાના

૧૪ નવ દરિયા તરવાનો વિક્રમ ધરાવતા તરણવીરનું નામ શું છે?
(અ) તેજસ બાકર (બ) નથુરામ પહાડે
(ક) બાબુભાઈ પણોચા (ડ) સુફિયા શેખ

૧૫ મોન્ટુ ઘોષનું નામ કઈ રમત સાથે જોડાયેલ છે. ?
(અ) બેડમિન્ટન (બ) શૂટિંગ
(ક) ટેનિસ (ડ) બેઝબોઝ

વિવિધા

ખજાનો
અનિલ પટેલ

વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ

૨૮ ડીસેમ્બર :
આંતરરાષ્ટ્રીય ઉદ્યોગ જગતના નામાંકીત ઉદ્યોગપતિ ધીરુભાઈ અંબાણીનો જન્મદિવસ (૧૯૩૨)
ગુજરાતના પ્રખરસમાજ સુધારક દુર્ગારામ મહેતાની જન્મજયંતિ (૧૮૦૯)
કોંગ્રેસનો સ્થાપના દિન (૧૮૮૫)
રતન ટાટાનો જન્મદિવસ (૧૯૩૭)

૨૯ ડિસેમ્બર :
મહાન સંગીતકાર પંડિત ઓમકારનાથજીનું નિધન (૧૯૬૭)
બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીએ લંડન પર બોમ્બ વર્ષા કરી (૧૯૪૦)
- પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીએ સંસદીય ચૂંટણીમાં વિજય મેળવ્યો (૧૯૮૪)
- અવકાશી શોધક રોબર્ટ ઈ. શૂરનીનો જન્મદિવસ (૧૯૨૧)

● **૩૦ ડિસેમ્બર :**
- ભારતના ઉત્તમ કોટીના દિવ્ય દૃષ્ટિ સાધુપુરુષ રમણ મહર્ષિનો જન્મદિવસ (૧૮૩૬)
- ઈરાકના રાષ્ટ્રપતિ સદ્દામ હુસૈનને ફાંસી અપાઈ (૨૦૦૬)
- નવલકથાકાર કનૈયાલાલ મુનસીનો જન્મ (૧૮૮૭)
- ગુજરાતના પૂર્વ પનોતાપુત્ર ડૉ. વિક્રમ સારાભાઈનું અવસાન (૧૯૭૧)

● **૩૧ ડિસેમ્બર :**
- લોકભારતી સણોસરાના સ્થાપક કેળવણીકાર નાનાભાઈ ભટ્ટનું નિધન (૧૯૬૧)
- થોમસ આલ્વા એડીસન પ્રથમ બલ્બનું નિદર્શન કર્યું. (૧૮૭૯)
- રાજીવ ગાંધી વડાપ્રધાન પદે સત્તારૂઢ થયા (૧૯૮૪)
- જાણીતા ક્રિકેટર લક્ષ્મણ શિવરામકિષ્ણનનો જન્મ દિવસ (૧૯૬૫)

● **૧ જાન્યુઆરી : (ખ્રિસ્તી નૂતન વર્ષ)**
- ગાંધીજીના અંગત સચિવ મહાદેવભાઈ દેસાઈનો જન્મદિવસ (૧૮૯૨)
- પૂર્વ રાષ્ટ્રપતિ નીલમ સંજીવ રેડ્ડીની પુણ્યતિથિ (૧૯૯૬)
- યુરોપમાં નવું ચલણ 'યુરો' અમલમાં આવ્યું (૧૯૯૯)
- આર્મી મેડિકલ કોર સ્થાપના દિવસ.

● **૨ જાન્યુઆરી :**
- સાહિત્ય બળવંતરાય ઠાકોરનું નિધન (૧૯૫૨)
- ગજલકાર બરકતઅલી ગુલામ હુસૈન વિરાણી (બેફામ) નું નિધન (૧૯૯૪)
- શિવાજીના ગુરુ સ્વામી રામદાસની પુણ્યતિથ (૧૬૮૧)
- ક્રિકેટર રમણ લાંબાનો જન્મદિવસ (૧૯૬૦)

● **૩જી જાન્યુઆરી :**
- ઈસરોના પૂર્વ સુકાની અને વૈજ્ઞાનિક સતિષ ધવનનું નિધન (૨૦૦૨)
- ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ સન્માનિત કવિ 'રાજેન્દ્ર શાહ'નું નિધન (૨૦૧૦)
- 'ઈ ઈલેસ્ટ્રેડ વિકલી ઓફ ઈન્ડિયા'નો પ્રથમ અંક મુંબઈમાં પ્રકાશિત થયો (૧૮૮૦)
- વર્લ્ડકપમાં હેટ્રીક કરનાર ચેતન શર્માનો જન્મદિવસ (૧૯૬૬)

ગત સપ્તાહના સવાલનો જવાબ

તાજેતરમાં ભાજપના કયાં બે દિગ્ગજ મહિલા નેતાઓએ લોકસભા ચૂંટણી નહીં લડવાનો નિર્ધાર કર્યો છે? જવાબ : સુષ્મા સ્વરાજ અને ઉમા ભારતી

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) મહેશ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૪) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૫) મૂળજીભાઈ પરમાર : સે-૭બી (૬) રૂચિત એમ. પટેલ : ધોળેશ્વર પાસે
(૭) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૮) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા. કૉલેજ

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

તાજેતરમાં એનડીએમાંથી છૂટા પડેલા ઉપેન્દ્ર કુસવાહા કયા પક્ષના નેતા છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

આ ભાર વેંઢારનારાઓ ! મારી પાસે આવો!!

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

સંસ્કૃત ભાષા કયારેક મૃત નથી રહી. સાંપ્રત સમયમાં આ પણ આ ભાષામાં જે સાહિત્ય રચાય, એમાં નિત્યનૂતન પ્રયોગો થતા રહે.

ધર્મ અને સાહિત્યનાં ક્ષેત્રમાં આવો વીરલ પ્રયોગ થયો છે. ઈ.સ. ૨૦૧૩ ના પ્રારંભમાં 'નૂતનનિયમઃ' નામે ધર્મગ્રંથ પ્રકાશિત થયો છે. ૬૩૬ પૃષ્ઠ ધરવતો આ ગ્રંથ બેંગ્લોરની ધ બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયાએ પ્રગટ કર્યો છે. આ ગ્રંથ 'ધ ન્યૂ ટેસ્ટામેન્ટ'નો સંસ્કૃત ભાષામાં થયેલો અનુવાદ છે. ઈશુ ખ્રિસ્તે કહેલા નૂતન ધર્મ નિયમો આમાં સંગૃહિત છે.

ગ્રંથ અનેક વિશેષતાઓ ધરાવે છે.

(૧) સંસ્કૃત દેવભાષા છે. અહીં વિષય દેવપુરુષ છે.

(૨) આ ખરેખર તો અંગ્રેજીમાંથી થયેલા અનુવાદ છે. પરંતુ આ જાણે કે સ્વતંત્રત ગ્રંથ હોય, એવું જ લાગે. કોઈકનો અનુવાદ છે. એવું ન લાગે.

(૩) અનુવાદકે પોતાનું નામ સુધ્ધાં કયાંક આપ્યું નથી. કોઈક અજ્ઞાતનામ સર્જકની આ જાણે કે પ્રભુસેવા છે.

(૪) સંસ્કૃત ગદ્યમાં રચાતી કથાનું લક્ષણ છે કે તેમાં શ્લોક વચ્ચે વચ્ચે અથવા અંતે આવે. પદ્યોમાં અનુષ્ટુપ છંદ સરળ છે. અહીં સમગ્ર ગ્રંથમાં કથાની સાથોસાથ શ્લોક આવતા રહે છે. અહીં પ્રયોજાયેલી સંસ્કૃત ભાષા એકદમ સરળ છે. સામાન્ય વાચકને પણ સમજાય અને રસ પડે. જેમ કે -

કુમારી ગર્ભિણી પશ્ય, સા પુત્ર પ્રસવિષ્યતે ।
ઈમ્માનૂયેલ ઈત્યેવ, તસ્ય નામ ભવિષ્યતિ ॥
- મથિની સુવાર્તા ૧/૨૩-૨૪

'તું જો. આ સગર્ભા કુમારીને પુત્ર જન્મશે. તેનું નામ ઈમ્માનૂયેલ હશે.' ઈમ્માનૂયેલ એટલે 'આપણા સાથી ઈશ્વર.'

મહાત્મા ગાંધીજી પર 'ગિરિ પ્રવચનો'નો વિશેષ પ્રભાવ હતો. એનું વિધાન છે - 'દુર્જનનો સામનો ન કરો. ઊલટું, જે કોઈ તારે જમણે ગાલે તમારો મારે, તો તારો તરત જ બીજો ગાલ ધરવો.' દુર્જનસ્ય પ્રતિરોધઃ ન કર્તવ્ય, અપિતુ યઃ કશ્ચિત તવ દક્ષિણ કપોલે ચપેટાઘાતં કરોતિ, તં પ્રતિ અન્યતરં કલોપમપિ વ્યાધોરય.

ચર્ચ ઉપરનું આ વાક્ય પ્રસિદ્ધ છે. 'ઓ થાકેલા અને ભાર વેંઢારનારાઓ ! તમે બધા મારી પાસે આવો. તેથી કરીને હું તમને આરામ આપીશ.' હે પરિશ્રાન્તા ભારાકાન્તા સર્વે, મમ સમીપ આયાતૃ, તેનાહં યુષ્માન્ વિશ્રમિષ્યામિ.'
- મથિની સુવાર્તા ૧/૨૮-૨૯



નાના નાના સૂક્તિ જેવાં વાક્યો યાદ રહી જાય, તેવાં છે જેમ કે - 'માફ કર. તો તું પણ માફી ને પામીશ.' ક્ષમધ્યૈ, તેન ક્ષમાં લપ્સ્યદવે' 'ઈશ્વરના રાજયથી તું દૂર નથી. ઈશ્વર રાજયાત્ ત્વં ન દૂરવર્તી
- માર્કની સુવાર્તા ૧/૧૨-૩૬

સમગ્ર ગ્રંથનો વિષય છે - પ્રેમ અને કરુણા. મધુર સમાપન જેનું અંતિમ વાક્ય છે - 'આપણા પ્રભુ ઈશુ ખ્રિસ્તની કૃપા તમારા બધાં ઉપર ઊતરતી રહો.' અસ્માંક પ્રભોઃ યીષુ ખ્રીષ્ટસ્ય અનુગ્રહઃ સર્વેષુ પુષ્યાસુ વર્તતામ્ ।

(૫) આ ગ્રંથની કિંમત રાખવામાં આવી નથી. એ રીતે અમૂલ્ય છે. પરંતુ આવી બધી વિશેષતાઓને કારણે આ પુસ્તક 'વિશેષ મૂલ્ય' છે.